## ડાયરેક્ટ ❤ સે

કરી શકો તો કરી બતાવો
ને કોરી આંખે રડી બતાવો
ગણિત તમારું જો હોય પાકું
વહ્યાં જે આંસુ ગણી બતાવો
કર્યા વિના બસ હા-જી બધામાં
વિરુદ્ધ વ્હેણે તરી બતાવો
બહાદુરીની પરીક્ષા કરવા
લ્યો ખુદની સાથે લડી બતાવો
મઝા મળીતી જે સ્વપ્ન જોઈ
પ્રભુ એ સપનું ફરી બતાવો
સરળ છે જીવન કહો છો ઈશ્વર
બનીને માણસ જીવી બતાવો

## જન્મદિને વધામણી



**નરસિંહ મણીલાલ પરમાર**
સ્થાપક, મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી રામ સેવા ટ્રસ્ટ
સ્થાપક, મંત્રી
શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ
મો. ૮૯૮૦૭ ૧૦૫૩૯



**ડો. અમૃતભાઈ બી પટેલ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે થૅલેસેમિયા જાગૃતિ માટે સૅમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૩૦

અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા થૅલેસેમિયા અંગે જાગૃતિ માટે એક સૅમિનારનું આયોજન કરાયું હતું.

ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખાના જિજ્ઞેશ રાવલ અને હિતેષ રાવલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. જિજ્ઞેશ રાવલે થૅલેસેમિયા અંગે વિસ્તૃત માહિતી વિદ્યાર્થીઓને આપી હતી. તેમણે થૅલેસેમિયા માઈનર અને મેજર વિશે જણાવી થૅલેસેમિયા અંગે જાગૃતિ માટે વિગતે સમજ આપી હતી.

૨૮૦ જેટલા વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. રણછોડ રથવીએ કર્યું હતું. આભાર દર્શન પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝા દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ઍનઍસઍસના સ્વયંસેવક જૈમિન પટેલ, કુલદીપ રથવી, વિરલ ચાવડા, પિન્કલ પટેલ દ્વારા પોતાનો સક્રિય ફાળો આપવામાં આવ્યો હતો.

# ગાંધીનગરના સંસ્કૃત-હિન્દી સાહિત્યસર્જકોનું સન્માન કરાયું

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત સાહિત્ય અકાદમી પ્રતિવર્ષ શ્રેષ્ઠ પુસ્તકોનાં સર્જકોનું સન્માન કરે છે. બુધવારે અમદાવાદ ખાતે હિન્દી, સંસ્કૃત અને ઉર્દૂ ભાષાનાં સાહિત્યકારોનું સન્માન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગરનાં સાહિત્યકારોનું પણ સન્માન થયું હતું.

વર્ષ ૨૦૧૩ માટે હિન્દી સંશોધનનો પ્રથમ પુરસ્કાર ડૉ. વર્ષા બી પારેખને (હિન્દી કે લઘુ ઉપન્યાસ સંકલ્પના વ શિલ્પ માટે) પ્રાપ્ત થયો હતો. પસંદગી સમિતિમાં ડૉ. આલોક ગુપ્તાનો સમાવેશ હતો.

વર્ષ ૨૦૧૨ માટે સંસ્કૃત ભાષામાં મૌલિક સર્જનનો પ્રથમ પુરસ્કાર ડૉ. અંબાલાલ પ્રજાપતિ (ગુજરાત ગૌરવ લહરી માટે), વર્ષ ૨૦૧૩નો અનુવાદ માટેનો તૃતિય પુરસ્કાર ડૉ. રશ્મિકાન્ત મહેતાને, વર્ષ ૨૦૧૩નો વિવેચન માટેનો દ્વિતિય પુરસ્કાર ડૉ. મનુભાઈ એસ પ્રજાપતિ (અશ્વમેધિક પર્વ કા સાહિત્યિક એવં સાંસ્કૃતિક અધ્યયન માટે), વર્ષ ૨૦૧૪નો કવિતા માટેનો તૃતિય પુરસ્કાર ડૉ. અંબાલાલ પ્રજાપતિને (વિવેકાનંદ સાર્ધ શતાબ્દિ કાવ્યમ માટે) અને વર્ષ ૨૦૧૫નો વિવેચન માટેનો તૃતિય પુરસ્કાર ડૉ. યોગિની ઍચ વ્યાસને પ્રાપ્ત થયો હતો.

આ સત્કાર સમારંભમાં ઉદ્‌ઘોષણા ડૉ. લીના રાણાએ કરી હતી. સર્જકોનું અભિવાદન સ્મૃતિચિહ્ન અને રોકડ પુરસ્કારથી કરવામાં આવ્યું હતું.



## સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તથા જિલ્લા શિક્ષણ સમિતિ, ગાંધીનગર આયોજિત ગાંધીનગર તાલુકા સીઆરસી કક્ષાનું ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૭ કોલવડા પ્રાથમિક કન્યા શાળા-૧ ખાતે યોજવામાં આવ્યું હતું.

પ્રદર્શનના વિભાગ-૫માં ડિજીટલ અને તકનીકી વિષયમાં શ્રીમતી ઍમ ડી શાહ પ્રાથમિક વિદ્યાલય, વાવોલના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને 'હાઈડ્રોલિક બ્રીજ' કૃતિ પ્રસ્તત કરી હતી. આ કૃતિ વિજેતાપદ પામી હતી અને તેને પ્રસ્તુત કરનાર વિદ્યાર્થીની મિત્તલ જાદવ, શરીફુલનીસા શેખ અને શિક્ષક જિજ્ઞાબેન સાપરિયાને પ્રમાણપત્રો પ્રાપ્ત થયાં હતાં.

હાઈડ્રોલિક બ્રિજ બનાવવા માટે ટીમને રાજદીપસિંહ વિહોલ તરફથી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. શિક્ષક હેતલબેન અને વિદ્યાર્થી અયાન બેલીમ, કરણ મહિપાલ, દશરથ ઠાકોર તરફથી સહાય પ્રાપ્ત થઈ હતી. આચાર્ય જાગૃતિબેન જાની અને ઓફિસ અધિક્ષક સોનલબેન ગોલે વિજેતા ટીમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તથા આગામી સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

## સે. ૭માં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે આયુર્વેદિક ઉકાળાનું વિતરણ ૨૮ ઑગષ્ટથી શરૂ કરવામાં આવ્યું છે. આ વિતરણ બીજી સપ્ટેમ્બર સુધી કાયમ રહેશે. ઈન્સ્ટીટ્યુટ ઑફ આયુર્વેદ કૉલેજ, કોલવડા અને લાયન્સ ક્લબ ઑફ ગાંધીનગરના સહયોગથી સવારે ૭.૩૦થી ૮.૩૦ દરમિયાન આ વિતરણ કરવામાં આવે છે. ૧૬૦૦થી વધુ વિદ્યાર્થીનીઓ અત્યાર સુધી આ ઉકાળાનો લાભ લઈ ચૂકી છે.

# અડાલજ કૉલેજ ખાતે મેઘાણી જયંતિ ઉજવાઈ



ગાંધીનગર, તા. ૩૦

ડીઍલઍડ કૉલેજ, અડાલજ ખાતે મેઘાણી જન્મજયંતિની ઉજવણી ઉમળકાભેર કરવામાં આવી હતી.

કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી પ્રૉ. અમૃતભાઈ ચૌધરી (ઍસોસિએટ પ્રૉફેસર, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ)એ પ્રશિક્ષણાર્થી બહેનોને પ્રશ્ન કર્યો હતો કે આપણે મેઘાણીને કેમ યાદ કરીએ છીએ ? આ પ્રશ્નના સમર્થન માટે તેમણે મેઘાણીના જીવન-કવન આધારિત એક દસ્તાવેજી ફિલ્મ દર્શાવી હતી. ૧૯૩૧માં અંગ્રેજ સરકાર સાથે ભારતની આઝાદી અંગે વાટાઘાટો કરવા યોજાયેલી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગાંધીજી બ્રિટન જતા હતા તે વખતે અંગ્રેજો તરફથી થયેલ અનાદર, આક્ષેપો અને દુર્વ્યવહારો રૂપી વિષનો કટોરો પરિણામોની ચિંતા કર્યા વગર પી જવાની વિનંતી કરતો પ્રસંગ તેમણે વર્ણવ્યો હતો.

આ સમગ્ર કાર્યક્રમને અંતે ક્વિઝનું આયોજન કરવામાં આવ્યું હતું અને પ્રશિક્ષણાર્થીઓને 'માણસાઈના દીવ' પુસ્તક ભેટ સ્વરૂપે આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાના આચાર્ય સુરેખાબેન ચૌધરી અને સમગ્ર સ્ટાફના માર્ગદર્શન હેઠળ થયું હતું. સંસ્થાનાં અધ્યાપક અયનાબેન પટેલે સૌરાષ્ટ્રની રસધાર પુસ્તકમાંથી વાર્તાનો આસ્વાદ કરાવ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના નિયામક તથા પ્રશિક્ષણાર્થીઓએ વક્તવ્ય અને મેઘાણી રચિત ગીતોની રમઝટ બોલાવી ગુજરાતના આ સાંસ્કૃતિક વારસાને યાદ કરવાનો ઉત્તમ અવસર યોજ્યો હતો.

# ચૌધરી કૉલેજમાં ફ્રેશર્સ પાર્ટી



શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉમર્સ કૉલેજ દ્વારા પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે ફ્રેશર્સ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. મિસ ફ્રેશર્સ સ્પર્ધા, ડાન્સ પરફોર્મન્સ, સંગીત, રમત, ડ્રામા જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ક્ષમા શાહ અને દિવ્યા મુંધવાએ મિસ ફ્રેશર્સનો ખિતાબ મેળવ્યો હતો.

# જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાઈ





ગાંધીનગર, તા. ૩૦

નૅશનલ કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ મ્યુઝિયમ, મુંબઈ, નહેરૂ સાયન્સ સૅન્ટર, મુંબઈ, ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી, ગાંધીનગર અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની શાળાઓ માટે સાયન્સ ડ્રામા સ્પર્ધા મંગળવારે યોજવામાં આવી હતી.

બ્રહ્માણી કૃપા હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે આયોજિત આ સ્પર્ધામાં જિલ્લાની ૧૧ શાળાઓએ ભાગ લીધો હતો. ઍમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ, જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, જે ઍમ ચૌધરી પ્રાથમિક શાળા, ઓમકાર વિદ્યાલય, પી કે વિદ્યાલય, વેડા, ઍસ જી ઈંગ્લિશ મીડિયમ પ્રાથમિક શાળા, સાકાર ઈંગ્લિશ સ્કૂલ, ચાંદખેડા, પ્રેરણા વિદ્યાલય, શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય, સૅક્ટર-૨૨, શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ, સૅક્ટર-૨૩ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલની ટીમ આ સ્પર્ધામાં સ્પર્ધક તરીકે જોડાઈ હતી.

સાયન્સ ડ્રામાની રજૂઆત માટે ચાર વિષયો સ્પર્ધકોને આપવામાં આવ્યા હતા : સ્વચ્છ ભારત અભિયાન : સાયન્સ અને ટૅકનોલૉજીની ભૂમિકા, નદીઓની સફાઈ, ગ્રીન ઍનર્જી અને ડિજીટલ ઈન્ડિયા. કોઈપણ એક વિષયે સ્પર્ધકોએ નાટકની રજૂઆત કરવાની હતી. ચારેય વિષયો ઉપર સ્પર્ધકોએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી.

સ્પર્ધાના નિર્ણાયક તરીકે નગરના સિનિયર નાટ્યકાર કુંતલ નિમાવત અને નીતિન પટેલે પોતાની સેવાઓ આપી હતી. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષક ચંદ્રકાન્તભાઈ પટેલ અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે નિસર્ગ સાયન્સ સૅન્ટરના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલે નાટ્યસ્પર્ધાના નિયમો, વિષયો અંગે ઊંડી સમજ આપી હતી. સામાન્ય નાટકો અને વિજ્ઞાન નાટકો કઈ રીતે જુદાં પડે છે તેની માહિતી પણ તેમણે સ્પર્ધક વિદ્યાર્થીઓને આપી હતી.

ત્રણ કલાક ચાલેલી સ્પર્ધાના અંતે શ્રી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળા, સૅક્ટર-૨૩નું નાટક 'જળ સુરક્ષા, જન સુરક્ષા' પ્રથમ ક્રમે વિજેતા બન્યું હતું, જે રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યું છે. દ્વિતિય ક્રમે જે ઍમ ચૌધરી સાર્વજનિક વિદ્યાલય, સૅક્ટર-૭નું નાટક 'સ્વચ્છ ભારત' અને માઉન્ટ કાર્મેલ સ્કૂલ, સૅક્ટર-૨૧નું નાટક 'અમે લોકમાતા એક અરજ' તૃતિય ક્રમે વિજેતા બન્યું હતું.

સ્પર્ધાના અંતે નિર્ણાયક કુંતલ નિમાવત દ્વારા વિદ્યાર્થીઓને નાટકનાં પાત્રો, સંવાદ, સમયસૂચકતા, સ્ટેજક્રાફ્ટ, સંગીત, પાત્રોનાં અવાજ, પ્રસ્તુતિ વિશે ઊંડાણપૂર્વક સમજ આપી હતી. નાટકો જિલ્લાકક્ષાએ રજૂ થાય એ પહેલાં તેમના માટે એક પ્રાઈમરી રાઉન્ડ યોજવામાં આવે અને એક નાટ્યનિષ્ણાતને બોલાવી રજૂઆતની શૈલી શીખવવામાં આવે એવી સલાહ પણ તેમણે નિસર્ગ સાયન્સ સૅન્ટરને આપી હતી તથા આ માટે પોતાની નિઃશુલ્ક સેવાઓ આપવાની પણ તૈયારી દર્શાવી હતી. તેમણે નિસર્ગ સાયન્સ સૅન્ટરને આ સફળ સ્પર્ધા યોજવા બદલ અભિનંદન પણ પાઠવ્યાં હતાં. અતિથિઓના હસ્તે વિજેતા ટીમ અને ભાગ લેનારી પ્રત્યેક ટીમના સભ્યોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. કાર્યક્રમને સફળ બનાવવા માટે નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયોજક હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ અને વિવેક મકવાણાએ જહેમત ઊઠાવી હતી.

## નબળાં નાટકો ચિંતાનો વિષય

'અહીં રજૂ થયેલાં નાટકોમાં જે ક્ષતિઓ હતી એ બધી શિક્ષકોની હતી અને જે ખૂબીઓ હતી એ બધી વિદ્યાર્થીનીઓ હતી. એ એટલા માટે કે વિદ્યાર્થીઓએ અહીં એ જ પ્રસ્તુત કર્યું છે જે એમને શિક્ષકો તરફથી શીખવવામાં આવ્યું હતું. અને અહીં જે કક્ષાનાં નાટકો પ્રસ્તુત થયાં એ કક્ષા નાટ્યકારોને ચિંતા કરાવે એવી હતી. અલબત્ત, આમાં શિક્ષકોનો વાંક છે એમ કહેવાનો હેતુ નથી. ઉલ્ટાનું, શિક્ષકોને અને શાળા સંચાલકોને તો અભિનંદન આપવા ઘટે. કારણ કે એક સમય એવો હતો કે ગાંધીનગરમાં જિલ્લાકક્ષાની સાયન્સ ડ્રામા સ્પર્ધા યોજાય તો માંડ ચાર ઍન્ટ્રી આવતી હતી. આજે ૧૧ જેટલી ઍન્ટ્રી આવે છે એ ખરેખર ખુશ થવા જેવી વાત છે. પરંતુ, સ્કૂલ્સને અમારી વિનંતી છે કે શિક્ષકો પોતપોતાના વિષયોનાં નિષ્ણાત હોય છે, નાટકોનાં નહીં. એમને નાટક તૈયાર કરવાની જવાબદારી આપવામાં આવે એ ઠીક છે, પરંતુ નાટક રજૂ થાય એ પહેલાં નાટક કોઈ નિષ્ણાતને બતાવી દેવામાં આવે તો કમ-સે-કમ નાટકની રજૂઆત તો સક્ષમ બની શકે. જિલ્લાકક્ષાએ નબળાં નાટકો રજૂ થાય એ બહુ ચિંતાની વાત નથી, પરંતુ અહીંથી જીતેલું નાટક જ્યારે રાજ્યકક્ષાએ જાય ત્યારે ત્યાં 'ગાંધીનગરથી આવું નાટક આવ્યું !' એવું ચર્ચાય એ ગાંધીનગર માટે ચિંતા અને શરમનો વિષય છે. આજે ગાંધીનગર કલા અને સંસ્કૃતિની નગરી તરીકે રાજ્યભરમાં ખ્યાતિ પામી ચૂક્યું છે ત્યારે અહીંનાં નાટકો પણ ઉચ્ચ કક્ષા દર્શાવતાં હોય એ જરૂરી છે. એ માટે પ્રત્યેક ટીમે પોતાની જવાબદારી સમજી યોગ્ય મહેનત કરવાની આવશ્યકતા છે.'




(૧) સંયુક્ત રાષ્ટ્ર દ્વારા તાજેતરમાં કયા દેશમાં યુરેનિયમ બૅન્કનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?
(એ) ઈન્ડિયા
(બી) કઝાખિસ્તાન
(સી) અમેરિકા
(ડી) જાપાન

(૨) દેશની સર્વશ્રેષ્ઠ યુવા પ્રતિભાઓને શોધવા શરૂ કરવામાં આવેલા ખેલ પોર્ટલનું ઉદ્‌ઘાટન કોણે કર્યું હતું ?
(એ) રાષ્ટ્રપતિ (બી) વડાપ્રધાન
(સી) ઉપરાષ્ટ્રપતિ (ડી) ખેલમંત્રી

(૩) ૨૦૧૭માં વિશ્વ બૅડમિન્ટન ચૅમ્પિયનશીપ કયા ખેલાડીએ જીતી હતી ?
(એ) નોજોમી ઓકુહારા (બી) નિમોહી જાવાન
(સી) પી વી સિંધૂ (ડી) લી ઑંગ કુ

(૪) ૨૦૧૭માં વિશ્વ બૅડમિન્ટન ચૅમ્પિયનશીપ કયા સ્થળે યોજાઈ હતી?
(એ) સિઓલ (બી) ટોકિયો
(સી) ગ્રિનીચ (ડી) ગ્લાસગો

(૫) ૨૦૧૭માં બેલ્જિયમ ગ્રાન્ડ પ્રિક્સનો ખિતાબ કયા ખેલાડીએ જીત્યો હતો ?
(એ) લુઈસ હેમીન (બી) લુઈસ હૈમિલ્ટન
(સી) લુઈસ જ્હોન (ડી) લુઈસ થોર્મસ

(૬) ૨૦૧૭માં રાષ્ટ્રીય ખેલ દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૨૯ ઑગષ્ટ (બી) ૩૦ ઑગષ્ટ
(સી) ૨૮ ઑગષ્ટ (ડી) ૩૦ ઑગષ્ટ

(૭) ૨૦૧૭માં સૈફ અન્ડર-૧૫ ફૂટબૉલ ટુર્નામૅન્ટમાં કઈ ટીમ ચૅમ્પિયન બની હતી ?
(એ) નેપાળ (બી) શ્રીલંકા
(સી) બાંગ્લાદેશ (ડી) ભારત

(૮) તાજેતરમાં ભારતની કઈ સંસ્થાએ 'ઈઝ ઑફ ડુઈંગ બિઝનેસ' રિપોર્ટ રજૂ કર્યો હતો ?
(એ) નાણાં પંચ (બી) નીતિ પંચ
(સી) કાયદા પંચ (ડી) વાણિજ્ય પંચ

(૯) ૨૦૧૭માં કેન્દ્રના કયા મંત્રાલયે 'ડીપ ઓશન મિશન'નો શુભારંભ કરવાનો નિર્ણય કર્યો છે ?
(એ) સાંસ્કૃતિક મંત્રાલય (બી) વિજ્ઞાન-ટૅકનોલૉજી મંત્રાલય
(સી) ભૂવિજ્ઞાન મંત્રાલય (ડી) રક્ષા મંત્રાલય

(૧૦) ૨૦૧૭માં વિશ્વભરમાં પરમાણુ પરીક્ષણ વિરોધી આંતરરાષ્ટ્રીય દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો ?
(એ) ૨૯ ઑગષ્ટ (બી) ૩૦ ઑગષ્ટ
(સી) ૩૧ ઑગષ્ટ (ડી) ૨૭ ઑગષ્ટ